# ઈરાનનો ભીષણ વળતો પ્રહાર: ૧૪ અમેરિકી સૈન્ય મથકો પર મિસાઈલ હુમલા

# આખા અખાતમાં યુદ્ધ જેવી સ્થિતિ

**ઈરાને** ઈઝરાયલ પર હુમલાની સાથે દુબઈ, અબુધાબી, કુવૈત, કતારમાં અમેરિકી થાણા નિશાન બનાવ્યા ઈઝરાયલ પર 400 મિસાઈલો છોડીછોડી

ઈરાને જાહેરાત કરી છે કે તે 'માતૃભૂમિના રક્ષણ' માટે દુશ્મન સામે કોઈપણ હદ સુધી જશે. ઈરાની ન્યૂઝ એજન્સી તસનીમ મુજબ, ઈરાને મધ્ય પૂર્વમાં આવેલા કુલ ૧૪ અમેરિકી સૈન્ય મથકોને નિશાન બનાવ્યા હોવાનો દાવો કર્યો છે.

ઈરાને ઈઝરાયેલના વિવિધ શહેરોને નિશાન બનાવીને અંદાજે ૪૦૦ મિસાઈલો છોડી છે. ઈરાને ખાડી દેશોમાં આવેલા અમેરિકી સૈન્ય ઠેકાણાઓને પણ નિશાન બનાવ્યા છે, જેમાં મુખ્યત્વે નીચેના દેશોનો સમાવેશ થાય છે:

કતાર, કુવૈત અને જોર્ડન, બહેરીન, સાઉદી અરેબિયા અને UAE

**૨. દુબઈ પર સીધો હુમલો:**

ઈરાને માત્ર સૈન્ય મથકો જ નહીં, પરંતુ સંયુક્ત આરબ અમીરાત (UAE)ના સૌથી ગીચ વસ્તી ધરાવતા શહેર દુબઈ પર પણ સીધો હુમલો કર્યો છે. દુબઈની પ્રતિષ્ઠિત હોટલો અને રહેણાંક વિસ્તારોમાં વિસ્ફોટો થતાં જનજીવન ખોરવાયું છે.

**૩. પ્રાદેશિક અસ્થિરતા:**

ઈરાનના આ વ્યાપક હુમલા બાદ સમગ્ર ગલ્ફ ક્ષેત્રમાં યુદ્ધની જ્વાળાઓ ફેલાઈ ગઈ છે. અમેરિકી દૂતાવાસોએ તેમના નાગરિકોને તાત્કાલિક સુરક્ષિત સ્થળોએ (Shelters) આશ્રય લેવા આદેશ આપ્યો છે.

**૧. નિશાન બનેલા મુખ્ય અમેરિકી સૈન્ય મથકો:**

**UAE:** અલ ધાફરા એર બેઝ .

**કુવૈત:** અલી અલ સાલેમ એર બેઝ.

**જોર્ડન:** મુવફ્ફાક અલ-સાલ્ટી એર બેઝ.

**કતાર:** દોહામાં આવેલું અલ ઉદેદ એર બેઝ .

**૨. પ્રદેશમાં થયેલું નુકસાન:**

**બહેરીન:** મનામામાં અમેરિકી નૌકાદળના ૫મા કાફલાના હેડક્વાર્ટર નજીક કાળા ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા છે.

**કુવૈત:** કુવૈત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઈરાની ડ્રોન ત્રાટક્યા છે, જેમાં કેટલાક કર્મચારીઓ ઘાયલ થયા છે અને મર્યાદિત મિલકતને નુકસાન થયું છે.










**કતારમાં** આકાશમાંથી મિસાઈલ પડતા ભારતીય મૂળના વ્યક્તિનો વીડિયો વાયરલ

કતારની રાજધાની દોહાના બરવા સિટી વિસ્તારમાં જ્યારે ઈરાની મિસાઈલ ત્રાટકી, ત્યારે ત્યાં હાજર લોકોમાં ભારે નાસભાગ મચી ગઈ હતી. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા એક વીડિયોમાં (જેની સત્યતાની સ્વતંત્ર પુષ્ટિ થઈ નથી), ભારતીય ઉપખંડનો એક વ્યક્તિ આકાશમાંથી નીચે આવતી મિસાઈલ જોઈને અન્ય લોકોને "સાઈડ પે હો જાઓ, ભાગો" (બાજુ પર ખસી જાઓ, ભાગો) એમ કહેતો સંભળાય છે. વીડિયોમાં જોઈ શકાય છે કે તે વ્યક્તિ શાંતિથી ચાલી રહ્યો છે ત્યારે જ એક જોરદાર વિસ્ફોટ થાય છે અને મિસાઈલ જમીન પર અથડાતા જ આકાશમાં અગ્નિની જ્વાળાઓ અને કાળા ધુમાડાના ગોટા જોવા મળે છે.

કતારમાં આ પ્રદેશનું સૌથી મોટું અમેરિકી સૈન્ય મથક 'અલ ઉદૈદ' આવેલું છે, જે અમેરિકી સેન્ટ્રલ કમાન્ડનું મુખ્ય મથક પણ છે. શનિવારે ઈરાને આ વિસ્તારમાં અનેક મિસાઈલો છોડી હતી. કતાર પર થયેલો આ હુમલો આશ્ચર્યજનક માનવામાં આવે છે કારણ કે કતાર અને ઈરાન વચ્ચે સામાન્ય રીતે સૌહાર્દપૂર્ણ સંબંધો રહ્યા છે.

## આ યુદ્ધ કેમ શરૂ થયું?

### ઈરાન-અમેરિકા વિવાદ: બેલેસ્ટિક મિસાઈલ પ્રોજેક્ટ બન્યો 'રેડ લાઈન'

ઈરાન અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા સંઘર્ષના પાયામાં પરમાણુ કરાર અને બેલેસ્ટિક મિસાઈલ પ્રોજેક્ટ સૌથી વિવાદાસ્પદ મુદ્દા રહ્યા છે. આ તાજેતરના અહેવાલ મુજબ, ઈરાને તેના મિસાઈલ કાર્યક્રમને લઈને અત્યંત કડક વલણ અપનાવ્યું છે.

ઈરાને સ્પષ્ટ કરી દીધું છે કે તે પોતાના મિસાઈલ પ્રોજેક્ટ પર કોઈ પણ પ્રકારનું સમાધાન કરશે નહીં. ઈરાન આ કાર્યક્રમને પોતાની સુરક્ષા માટે અનિવાર્ય માને છે.

બેલેસ્ટિક મિસાઈલ પર અડગ ઈરાન: પરમાણુ સમજૂતીની વાતચીતમાં મિસાઈલ પ્રોજેક્ટ સૌથી મોટો અવરોધ છે. અમેરિકા ઈચ્છે છે કે ઈરાન તેના મિસાઈલ કાર્યક્રમ પર મર્યાદા મૂકે, પરંતુ ઈરાન તેને પોતાની 'રેડ લાઈન' ગણાવે છે.

જૂન ૨૦૨૫નો હુમલો: ઈરાની અધિકારીઓના જણાવ્યા અનુસાર, જૂન ૨૦૨૫ માં જ્યારે ઇઝરાયેલ અને અમેરિકાએ ઈરાનના પરમાણુ મથકો પર હુમલો કર્યો હતો, ત્યારે તેની મિસાઈલ શક્તિએ જ દેશનું રક્ષણ કર્યું હતું. આ અનુભવ બાદ ઈરાન વધુ આક્રમક બન્યું છે.

ઈરાનનું કહેવું છે કે મિસાઈલ કાર્યક્રમ છોડવો એટલે પોતાની જાતને નબળી પાડવી. તે આ કાર્યક્રમને રક્ષણાત્મક માને છે, આક્રમક નહીં.

ઈરાને સ્પષ્ટ કર્યું છે કે જો કોઈ સમજૂતી થશે, તો તે માત્ર પરમાણુ કાર્યક્રમ સુધી જ મર્યાદિત રહેશે. મિસાઈલ કાર્યક્રમ કે પ્રાદેશિક સૈન્ય જૂથો અંગે કોઈ પણ પ્રકારની ચર્ચા કરવામાં આવશે નહીં.

## મધ્ય પૂર્વમાં મિસાઈલ યુદ્ધ: જાણો કયો દેશ કોની સાથે છે?

**ઈરાન** એકલું પડ્યું? 'એક્સિસ ઓફ રેઝિસ્ટન્સ' નબળું પડતા રશિયા અને ચીનનો સાથ

**ગલ્ફ** દેશો અમેરિકાના પક્ષે

તેહરાન:મહિનાઓના "નજીકના અને સંયુક્ત આયોજન" પછી અમેરિકા અને ઈઝરાયલે ઈરાન પર મોટો હુમલો કર્યો છે. મીડિયા અહેવાલો મુજબ, ઈઝરાયલી હુમલામાં ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લા અલી ખામેની, રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયન અને સશસ્ત્ર દળોના વડાને નિશાન બનાવવામાં આવ્યા છે. જવાબમાં, ઈરાને પણ ઈઝરાયલ અને સમગ્ર મધ્ય પૂર્વમાં આવેલા અમેરિકી સૈન્ય મથકો પર વળતા પ્રહાર કર્યા છે. અબુ ધાબી, દુબઈ, કુવૈત, રિયાધ અને કતારમાં વિસ્ફોટો સંભળાયા છે.

**કોણ છે ઈરાનની સાથે?**

તણાવ વધતા ઈરાન આ પ્રદેશમાં અલગ-થલગ પડી ગયું હોય તેવું લાગે છે. તેના મુખ્ય સાથી ગણાતા 'એક્સિસ ઓફ રેઝિસ્ટન્સ' (જેમાં લેબનોનનું હિઝબુલ્લાહ, ઈરાકનું PMF, યમનના હુથી બળવાખોરો અને ગાઝાનું હમાસ સામેલ છે) ને છેલ્લા કેટલાક વર્ષોમાં ઈઝરાયલ તરફથી મોટા ફટકા પડ્યા છે. જોકે, રશિયાએ અમેરિકી હુમલાની નિંદા કરી છે. રશિયાના પૂર્વ રાષ્ટ્રપતિ દિમિત્રી મેદવેદેવે અમેરિકા પર કટાક્ષ કરતા કહ્યું કે, "શાંતિદૂતે ફરી એકવાર પોતાનો અસલી ચહેરો બતાવ્યો છે." તેમણે ઉમેર્યું કે પર્શિયન સામ્રાજ્ય ૨,૫૦૦ વર્ષ જૂનું છે, જ્યારે અમેરિકા માત્ર ૨૪૯ વર્ષનું છે. બીજી તરફ, પાકિસ્તાને ૨૦૨૫ના યુદ્ધ દરમિયાન જ ઈરાનથી અંતર જાળવી લીધું હતું.

**કોણ છે અમેરિકાની સાથે?**

ઈરાનના વળતા હુમલા બાદ UAE, કતાર અને કુવૈતે તેહરાનને વળતો જવાબ આપવાની પ્રતિજ્ઞા લીધી છે.

**UAE:** તેની એર ડિફેન્સ સિસ્ટમે ઈરાની મિસાઈલોને સફળતાપૂર્વક તોડી પાડી છે અને તેને "ખતરનાક ઉશ્કેરણી" ગણાવી છે.

**કતાર:** દોહામાં થયેલા વિસ્ફોટો બાદ કતારે તેને રાષ્ટ્રીય સાર્વભૌમત્વનું ઉલ્લંઘન ગણાવ્યું છે.

**સાઉદી અરેબિયા:** સાઉદીએ પાંચ દેશો (UAE, બહેરીન, કતાર, કુવૈત અને જોર્ડન) પર થયેલા ઈરાની હુમલાની સખત નિંદા કરી છે અને તેમને સમર્થન જાહેર કર્યું છે.

**પશ્ચિમી સાથીઓ:** જર્મની, ફ્રાન્સ અને ઈટાલીએ પણ ઈરાનના વલણની ટીકા કરી છે, જોકે તેઓ હાલ તણાવ ઓછો કરવા (De-escalation) ના પક્ષમાં છે.

## દુબઈમાં આતંક: પામ જુમેરાહ હોટલ પર આત્મઘાતી ડ્રોન હુમલો, ૪ ઘાયલ



ઈરાને અમેરિકા અને ઈઝરાયેલના હુમલાનો બદલો લેવા માટે સંયુક્ત આરબ અમીરાત પર મિસાઈલ અને ડ્રોન હુમલા શરૂ કર્યા છે, જેમાં દુબઈની પ્રતિષ્ઠિત ફેયરમોન્ટ પામ જુમેરાહ હોટલ પર આત્મઘાતી ડ્રોન ત્રાટક્યું છે. ઈરાની 'સ્યુસાઈડ' ડ્રોન સીધું હોટલની ઈમારત સાથે અથડાયું હતું, જેના કારણે ભીષણ વિસ્ફોટ થયો હતો. દુબઈ મીડિયા ઓફિસના જણાવ્યા અનુસાર, આ હુમલામાં ૪ લોકો ઘાયલ થયા છે. પ્રવાસીઓમાં ભારે નાસભાગ મચી ગઈ હતી. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં હોટલની ઈમારતમાંથી કાળા ધુમાડાના ગોટેગોટા નીકળતા અને આગ લાગેલી જોઈ શકાય છે. આ સ્થળ વિશ્વભરના પ્રવાસીઓ અને ખાસ કરીને ભારતીયોમાં ખૂબ જ લોકપ્રિય છે.

## દુબઈમાં ભારતીયો ફસાયા

**માયા તનેજા (દુબઈ):** "ભયાનક વિસ્ફોટો સાંભળીને હું ગભરાઈ ગઈ હતી. બહેરીનમાં રહેતા મારા સંબંધીઓએ પણ આવા જ વિસ્ફોટો સાંભળ્યા છે. લાગે છે કે આખું ક્ષેત્ર સળગી રહ્યું છે."

**નેડા સૈયદ (AI કન્સલ્ટન્ટ, અબુ ધાબી):** "યુદ્ધ વિમાનો અમારા વિસ્તારની એકદમ નજીક ઉડી રહ્યા હતા. અમારે જીવ બચાવવા બિલ્ડિંગના બેઝમેન્ટમાં દોડી જવું પડ્યું હતું."

UAE સંરક્ષણ મંત્રાલયે પુષ્ટિ કરી છે કે ઈરાની મિસાઈલને હવામાં તોડી પાડ્યા બાદ તેનો કાટમાળ રહેણાંક વિસ્તારમાં પડતા એક નાગરિકનું મોત થયું છે અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નુકસાન થયું છે.

### અબુ ધાબીમાં BAPS હિન્દુ મંદિર બંધ

UAE પર ઇરાન દ્વારા કરવામાં આવેલા વળતા પ્રહાર અને આકાશમાં થયેલા મિસાઇલ ઇન્ટરસેપ્શન બાદ સર્જાયેલી અસ્થિર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને મંદિર પ્રશાસને આ નિર્ણય લીધો છે. મંદિર સત્તાવાળાઓએ જણાવ્યું છે કે ભક્તો અને મુલાકાતીઓની સુરક્ષા અમારી પ્રથમ પ્રાથમિકતા છે. પ્રદેશમાં વધતા તણાવ અને હવાઈ હુમલાના જોખમને જોતા મંદિર પરિસરને ખાલી કરાવવામાં આવ્યું છે. અબુ ધાબીના વિવિધ વિસ્તારોમાં જોરદાર વિસ્ફોટો સાંભળવા મળ્યા હતા, જેના કારણે સ્થાનિક વહીવટીતંત્રે હાઈ એલર્ટ જાહેર કર્યું છે. મંદિર પ્રશાસને ભક્તોને વિનંતી કરી છે કે તેઓ અત્યારે મંદિર તરફ પ્રયાણ ન કરે અને પરિસ્થિતિ સામાન્ય ન થાય ત્યાં સુધી ઘરે જ સુરક્ષિત રહે.

## બુર્જ ખલીફા ખાલી કરાવાયું

**ઈરાનનું** ડ્રોન બુર્જ ખલીફા નજીક પડ્યું





ઈરાને સંયુક્ત આરબ અમીરાતના અબુ ધાબી અને દુબઈ તેમજ કતારના દોહા અને સાઉદી અરેબિયાના રિયાધમાં આવેલા સ્થળોને નિશાન બનાવીને હુમલા કર્યા છે. આ હુમલા અમેરિકા અને ઈઝરાયલ દ્વારા તેહરાન પર કરવામાં આવેલા સંયુક્ત ઓપરેશનના જવાબમાં કરવામાં આવ્યા હતા.

બુર્જ ખલીફા: દુબઈમાં વિસ્ફોટોના અવાજ સંભળાયા બાદ વિશ્વની સૌથી ઊંચી ઈમારત બુર્જ ખલીફાને ખાલી કરાવવામાં આવી હતી.

ઈરાનના શાહેદ-136 ડ્રોને દુબઈની શાન ગણાતા બુર્જ ખલીફાની અત્યંત નજીક ત્રાટકીને ભયનો માહોલ સર્જ્યો છે. વિશ્વની સૌથી ઊંચી ઈમારત પાસે ડ્રોન પડ્યા બાદ સાવચેતીના ભાગરૂપે બુર્જ ખલીફાને ખાલી કરાવવામાં આવ્યું હતું. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં શહેરની સ્કાયલાઈન પાસે ધુમાડાના ગોટેગોટા જોઈ શકાય છે. UAEના સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, અબુ ધાબીના રહેણાંક વિસ્તારમાં મિસાઈલનો કાટમાળ પડવાથી એશિયન રાષ્ટ્રીયતા ધરાવતા એક નાગરિકનું મોત નીપજ્યું છે. રહેવાસીઓએ મોટા વિસ્ફોટો સાંભળ્યા હોવાનું જણાવ્યું હતું, જેના કારણે બારીઓ પણ ધ્રૂજી ઉઠી હતી. આકાશમાં મિસાઈલો જતી પણ જોવા મળી હતી.

## ઈરાનના હુમલા બાદ વિશ્વનું સૌથી વ્યસ્ત દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ બંધ

**યુરોપ**, એશિયા અને આફ્રિકાના હવાઈ માર્ગો ખોરવાયા


કુવૈતમાં અલી અલ સાલેમ એરબેઝના રનવેને નુકસાન

વિશ્વના સૌથી વ્યસ્ત આંતરરાષ્ટ્રીય હબ ગણાતા દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર શનિવારે ગલ્ફ આરબ દેશોમાં ઈરાન દ્વારા કરવામાં આવેલા શ્રેણીબદ્ધ મિસાઈલ હુમલા બાદ તમામ ફ્લાઈટ કામગીરી અનિશ્ચિતકાળ માટે સ્થગિત કરી દેવામાં આવી છે.

દુબઈ એરપોર્ટ સત્તાવાળાઓ દ્વારા દુબઈ ઈન્ટરનેશનલ (DXB) અને અલ મકતુમ ઈન્ટરનેશનલ (DWC) એરપોર્ટને નાટકીય રીતે બંધ કરવાની જાહેરાત કરવામાં આવી છે. વધતા પ્રાદેશિક તણાવ અને દુશ્મનાવટ વચ્ચે મુસાફરોની સુરક્ષાને પ્રાથમિકતા આપવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જણાવાયું છે.

એરપોર્ટ સત્તાવાળાઓએ એક નિવેદનમાં જણાવ્યું છે કે:

"દુબઈ એરપોર્ટ પુષ્ટિ કરે છે કે દુબઈ ઈન્ટરનેશનલ (DXB) અને દુબઈ વર્લ્ડ સેન્ટ્રલ - અલ મકતુમ ઈન્ટરનેશનલ (DWC) ખાતેની તમામ ફ્લાઈટ કામગીરી આગામી સૂચના સુધી સ્થગિત રહેશે. મુસાફરોને અત્યારે એરપોર્ટ પર ન આવવાની સલાહ આપવામાં આવે છે અને તેમની ફ્લાઈટ્સ અંગેની લેટેસ્ટ અપડેટ્સ માટે પોતપોતાની એરલાઈન્સનો સીધો સંપર્ક કરવા વિનંતી છે." એરપોર્ટની અંદરના વીડિયોમાં હજારો મુસાફરો અટવાયેલા જોવા મળી રહ્યા છે.

અબુ ધાબી, દુબઈ, દોહા, રિયાધ અને મનામા સહિતના ગલ્ફ દેશોની રાજધાનીઓમાં વિસ્ફોટોના અવાજ સંભળાયા હતા. સંયુક્ત આરબ અમીરાત (UAE)માં એર ડિફેન્સ સિસ્ટમે ઘણી મિસાઈલોને હવામાં જ તોડી પાડી હતી, જોકે અબુ ધાબીમાં મિસાઈલનો કાટમાળ પડવાથી એક નાગરિકનું મોત થયું હોવાનું રક્ષા મંત્રાલયે જણાવ્યું છે.

## ગલ્ફમાં આખરે કેમ માત્ર ઓમાન જ ઈરાનના હુમલાથી બચ્યું?

**મધ્ય** પૂર્વનું 'સ્વિત્ઝરલેન્ડ' ગણાતા ઓમાન પર કેમ ન વરસી મિસાઈલો?

શનિવારે વહેલી સવારે જ્યારે આખું વિશ્વ ઇઝરાયલ અને ઈરાન વચ્ચેના પૂર્ણ-કક્ષાના યુદ્ધના સમાચાર સાથે જાગ્યું, ત્યારે ગલ્ફના આકાશમાં મિસાઈલોનો મારો જોવા મળ્યો હતો. દુબઈથી દોહા સુધીના શહેરોમાં સાયરન વાગી રહ્યા હતા, પરંતુ આ બધા વચ્ચે એક દેશ અપવાદરૂપ રહ્યો– ઓમાન.

જ્યારે ઈરાને અન્ય ગલ્ફ દેશો પર મિસાઈલો છોડી, ત્યારે ઓમાન આ હુમલાઓથી સંપૂર્ણપણે સુરક્ષિત રહ્યું. આ પાછળ ૫૦ વર્ષ જૂનો ઇતિહાસ, ભૌગોલિક સ્થિતિ અને મુત્સદ્દીગીરી જવાબદાર છે.

**૧. ૫૦ વર્ષ જૂનો અતૂટ સંબંધ**

૧૯૭૦ના દાયકામાં જ્યારે ઓમાનના સુલતાન કાબૂસ બિન સૈદ સામે ધાફર બળવો થયો હતો, ત્યારે ઈરાનના શાહએ હજારો સૈનિકો મોકલીને ઓમાનની મદદ કરી હતી. આ મદદથી બંને દેશો વચ્ચે સુરક્ષાના એવા મજબૂત સંબંધો બંધાયા જે ૧૯૭૯ની ઈરાની ક્રાંતિ પછી પણ અતૂટ રહ્યા છે. જ્યારે અન્ય ગલ્ફ દેશો ઈરાનને શંકાની નજરે જુએ છે, ત્યારે ઓમાન તેની સાથે મજબૂત વિશ્વાસ ધરાવે છે.

**૨. મધ્ય પૂર્વનું 'સ્વિત્ઝરલેન્ડ'**

ઓમાન તેની તટસ્થ વિદેશ નીતિ માટે જાણીતું છે. ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલના સભ્ય હોવા છતાં, ઓમાને ક્યારેય સાઉદી અરેબિયાના ઈરાન વિરોધી વલણમાં સંપૂર્ણ સાથ આપ્યો નથી. તે ઈરાન અને પશ્ચિમી દેશો વચ્ચે એક 'બ્રિજ' (સેતુ) તરીકે કામ કરે છે. ૨૦૧૫ના પરમાણુ કરાર માટેની ગુપ્ત મંત્રણાઓ પણ ઓમાનમાં જ થઈ હતી.

**૩. હોર્મુઝની સામુદ્રધુની અને ભૌગોલિક વ્યૂહરચના**

ઈરાન અને ઓમાન બંને સંયુક્ત રીતે વિશ્વના સૌથી મહત્વપૂર્ણ તેલ માર્ગ 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ' પર નજર રાખે છે. આ દરિયાઈ માર્ગમાં સ્થિરતા જાળવવી બંને દેશો માટે જરૂરી છે. આર્થિક રીતે પણ, પ્રસ્તાવિત 'ઈરાન-ઓમાન ગેસ પાઈપલાઈન' જેવા પ્રોજેક્ટ્સ ઈરાન માટે વૈશ્વિક બજારમાં પહોંચવાનો મહત્વનો માર્ગ છે.

**૪. ઓમાન પર હુમલો ઈરાન માટે કેમ જોખમી?**

તેહરાન માટે ઓમાન પર હુમલો કરવો એ બહુ મોટું જોખમ છે. જો ઈરાન ઓમાનને નારાજ કરે, તો તે એવા જૂજ દેશોમાંથી એકને ગુમાવી દેશે જે મુશ્કેલ સમયમાં પણ અમેરિકા અને ઈઝરાયલ સાથે વાતચીતનો રસ્તો ખુલ્લો રાખે છે.

## અમેરિકી સૈનિકોની જાનહાનિ થઇ શકે: ટ્રમ્પની કબૂલાત

વેસ્ટ પામ બીચ (અમેરિકી), ૨૮ ફેબ્રુઆરી(એપી): અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે શનિવારે સ્વીકાર્યું હતું કે ઈરાન વિરુદ્ધના ઓપરેશનમાં અમેરિકી સૈનિકો જાનહાનિનો ભોગ બની શકે છે. શનિવારે વહેલી સવારે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરવામાં આવેલા એક વીડિયોમાં તેમણે જણાવ્યું હતું કે, હિંમતવાન અમેરિકન નાયકોના જીવ જઈ શકે છે અને આપણને જાનહાનિ થઈ શકે છે. યુદ્ધમાં આવું અવારનવાર બનતું હોય છે. જૂન મહિનામાં ઈરાનના પરમાણુ મથકો પર થયેલા હુમલાઓ બાદ ટ્રમ્પે કહ્યું હતું કે, "અમે તેમને ચેતવણી આપી હતી કે તેઓ ક્યારેય પરમાણુ શસ્ત્રોનો દૂષિત પીછો ફરી શરૂ ન કરે.

### 'ઓપરેશન એપિક ફ્યુરી' અને 'રોરિંગ લાયન'

અમેરિકી મિશન: અમેરિકાએ આ અભિયાનને "ઓપરેશન એપિક ફ્યુરી" (Operation Epic Fury) કોડ-નેમ આપ્યું છે. ઈઝરાયેલી મિશન: ઈઝરાયેલ આ સૈન્ય કાર્યવાહીને "રોરિંગ લાયન" (Roaring Lion) તરીકે સંબોધી રહ્યું છે. મુખ્ય લક્ષ્યાંકો: આ હુમલામાં ઈરાની શાસનના ટોચના નેતાઓ, પરમાણુ મથકો, અને ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) ના ગુપ્ત કમાન્ડ સેન્ટરોને નિશાન બનાવવામાં આવ્યા છે.

## અમેરિકાનું મધ્ય પૂર્વમાં સૈન્ય નેટવર્ક

**ક્યા દેશમાં કેટલું છે અમેરિકી સૈન્ય?**

**1. કતાર**

**મુખ્ય મથક:** અલ ઉદૈદ એર બેઝ. આ મધ્ય પૂર્વમાં અમેરિકાનું સૌથી મોટું સૈન્ય મથક છે. **સૈનિકો:** અહીં અંદાજે 10,000 અમેરિકી સૈનિકો તૈનાત છે. **ક્ષમતા:** અહીં પેટ્રિયોટ મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ, રડાર સિસ્ટમ અને વિરાટ ફાઈટર પ્લેન્સ રાખવામાં આવ્યા છે.

**2. બહેરીન**

**મુખ્ય મથક:** અમેરિકી નૌકાદળના પાંચમા કાફલાનું વડું મથક અહીં આવેલું છે. **મહત્વ:** આ મથક પર્શિયન ગલ્ફ અને લાલ સમુદ્રમાં નૌકાદળની કામગીરી પર નજર રાખે છે. અહીં અંદાજે 9,000 સૈન્ય કર્મચારીઓ છે.

**3. કુવૈત**

**મુખ્ય મથક:** કેમ્પ આરીફજાન અને અલી અલ-સાલેમ એર બેઝ. **વિશેષતા:** કુવૈત અમેરિકી સેના માટે લોજિસ્ટિક્સનું મુખ્ય હબ છે. અહીંથી જ ઈરાક અને સીરિયામાં સૈનિકો મોકલવામાં આવે છે.

**4. સંયુક્ત આરબ અમીરાત**

**મુખ્ય મથક:** અલ ધાફરા એર બેઝ

**મહત્વ:** અહીં અમેરિકાના ડ્રોન (MQ-9 Reapers) અને જાસૂસી વિમાનો તૈનાત છે. દુબઈનું જેબલ અલી પોર્ટ પણ અમેરિકી નૌકાદળ માટે વ્યૂહાત્મક ટેકો પૂરો પાડે છે.

**5. સાઉદી અરેબિયા**

**મુખ્ય મથક: પ્રિન્સ સુલતાન એર બેઝ. સૈનિકો:** અહીં 2,300થી વધુ અમેરિકી સૈનિકો છે, જે સાઉદી સરકાર સાથે મળીને મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ (THAAD અને Patriot) સંભાળે છે.

**6. ઈરાક**

**સ્થિતિ:** અલ-અસદ અને ઈરબિલ એર બેઝ પર અંદાજે 2,500 અમેરિકી સૈનિકો અને કોન્ટ્રાક્ટરો છે, જે ઈસ્લામિક સ્ટેટ સામે લડવામાં મદદ કરે છે.

**અન્ય દેશોમાં હાજરી:**

**જોર્ડન:** અહીં અંદાજે 3,188 સૈનિકો છે અને મુવફ્ફાક અલ સાલ્તી એર બેઝ પર F-35 ફાઈટર જેટ્સ તૈનાત છે.

**સીરિયા:** અહીં 1,000થી ઓછા સૈનિકો છે જે આતંકવાદ વિરોધી કામગીરી કરે છે.

**ઈઝરાયેલ:** અમેરિકાનો અહીં કોઈ કાયમી બેઝ નથી, પરંતુ તે ઈઝરાયેલ સાથે નિયમિત સંયુક્ત સૈન્ય અભ્યાસ કરે છે.

